ગાંધીનગર સમાચાર

વાણિજય કોલેજ ખાતે એઇડસ અવેરનેસ સેમિનાર યોજાયો

કર્મચારી મંડળો સરકારનું નાક દબાવે છે

ગાંધીનગર, તા.૬

બોર્ડ-નિગમોને સાતમા પગાર પંચનો લાભ આપવા અને ફિકસ પગારના કર્મચારીઓને પુરો પગાર આપવા સહિતની વિવિધ પડતર માંગણીઓ બાબતે જુદા જુદા કર્મચારી મંડળો વાયબ્રન્ટ સમિટ સમયે જ સરકારનું નાક દબાવી રહ્યા છે. આગામી ૧૦મી જાન્યુઆરીના રોજ વિવિધ મંડળો સાથે સંકળાયેલા કર્મચારીઓએ ધરણાં-પ્રદર્શન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

ગુજરાત રાજય કર્મચારી મહામંડળ, ગુજરાત રાજય બોર્ડ નિગમ/સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ તથા ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના હોદેદારની તાજેતરમાં જ એક મિટીંગ યોજાઈ હતી. આ મિટીંગમાં રાજય સરકારની કર્મચારી વિરોધી નિતીનો વિરોધ કરવાનો અને કાળા કપડાં પહેરીને ધરણાં કરવાનો નિર્ણય લેવાયો છે. ૧૦મી જાન્યુઆરીના રોજ ધરણાં કરાશે જયારે તા. ૧૧-૧૨ અને ૧૩મી જાન્યુઆરીના રોજ કાળી પટ્ટી પહેરીને વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭નો વિરોધ કરવામાં આવશે.

વાયબ્રન્ટ સમિટ ટાણે જ જુદી જુદી પડતર માંગણીઓને લઈને કર્મચારીઓ વિરોધ પ્રદર્શન કરશે

ગુજરાત રાજય કર્મચારી મહાસંઘના પ્રમુખ કાર્તિક ત્રિવેદી, ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ અને ગુજરાત રાજય બોર્ડ નિગમ સરકારી સાહસોના કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણ એમ. સુતરીયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે રાજય સરકાર છેલ્લા ઘણા સમયથી કર્મચારી વિરોધી વલણ અપનાવી રહી છે. બોર્ડ નિગમ અને સરકારી સાહસોના કર્મચારીઓને હજુ સુધી સાતમા પગાર પંચનો લાભ અપાયો નથી. તેઓને સાતમા પગાર પંચનો લાભ આપવા, ફીકસ પગારના કર્મચારીઓને નિયમિત કરવા, ૧૦-૨૦-૩૦નો ઉચ્ચતર પગાર ધોરણ આપવા, ૧૦ લાખની મેડીકલેઈમ પોલીસી કેન્દ્રના ધોરણે આપવી, સાતમા પગારપંચનું ૨ ટકા મોંઘવારી ભથ્થુ આપવું, વયનિવૃત્તિ ૫૮ થી ૬૦ વર્ષ કરવી, આઉટ સોર્સીંગની પ્રથા રદ કરવી, વિવિધ ભથ્થાઓ કેન્દ્રના ધોરણે આપવા સહિતની માંગણીઓ છેલ્લા ઘણા સમયથી પડતર છે. સરકાર આ બાબતે તાત્કાલિક નિર્ણય લઈ નિર્ણય જાહેર કરે તેવી માંગણી મંડળો કરી રહ્યા છે.

ભાવસાર મિત્ર મંડળનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ભાવસાર મિત્ર મંડળ સંસ્થાનો વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ પદે ભાનુચંદ્ર કાશીરામ, અતિથિવિશેષ પદે સુભાષચંદ્ર અંબાલાલ હાજર રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે જયવદનભાઈ, રાજેશભાઈ અને અનિલભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં નિવૃત્ત થયેલા વડીલો અરવિંદભાઈ, સરલાબેન, હર્ષદભાઈ, રાજેન્દ્રભાઈ, ભીખાભાઈને બુકે અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મનોરંજન કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો જયારે તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ખાતે રમતોત્સવ યોજાયો : પેથાપુર નજીક આવેલ મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, કોથળા દોડ, લીંબુ ચમચી દોડ, વિઘ્ન દોડ વગેરે રમતો રમાડવામાં આવી હતી. રમતોત્સવની શરૂઆતમાં શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો. ત્યારબાદ ફલેગમાર્ચ યોજવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી દ્વારા સફળ રમતોત્સવ ઉજવવા બદલ શાળાના શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

સ્મિત મ્યુઝીક ટેલેન્ટ ગાંધીનગર પરફોર્મન્સ શૉ-૨૦૧૭ યોજશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની સ્વ નિર્ભર સ્મિત મ્યુઝિક સંસ્થાની કલ્ચરલ એકટીવીટીના ભાગરૂપે નગરના ઉગતા કલાકારો માટે 'ટેલેન્ટ ગાંધીનગર પરફોર્મન્સ શૉ-૨૦૧૭' ફિલ્મી ગીત પરફોર્મન્સનું આયોજન તા. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું છે.

આ શૉમાં પાંચ ફીમેઈલ અને પાંચ મેઈલ સીંગરને ઓડિશનને આધારે પરફોર્મન્સની તક મળશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક કલાકારોએ નિર્ધારીત ફોર્મ પરફેકટ સાઈન બેનર ઘ-૬ રાધે સ્વીટસ માર્ટ પાસે, ગાંધી ગીફટ સે-૨૧ રાધે સ્વીટ માર્ટ પાછળ, ઈન્ફોસીટી ૧૫૮/મોલ-૨, જીહા રાજ કોર્નર લેડીઝ વીયર, બી-લાઈન બ્રોકિંગ ૧૦૬, પ્રેસીડેન્ટ બિલ્ડીંગ સે-૧૧ પંટ્રોલ પંપ પાસે મળશે તેમજ ફોર્મ **www.smitmusicgandhinagar.com** વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ થશે જે તા. ૧૬મી જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં ભરીને પરત કરવાના રહેશે તેમ સંચાલક જયોતિ ગજજર અને ભરત ગજજરે જણાવ્યું છે. અન્ય વિગતો માટે મોબાઈલ નં. ૯૬૬૨૦ ૨૩૧૩પનો સંપર્ક કરી શકાશે.

આરાધના વિદ્યાવિહાર ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૬

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ગાંધીનગરના ઉપક્રમે રાઈટ ટુ એજયુકેશન વિષય અંગે સે-૨૮ સ્થિત આરાધના વિદ્યાવિહાર શાળામાં એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ શિક્ષણ-અધિકાર અંગે વિસ્તૃત જાણકારી પુરી પાડી હતી. પી.એલ.વી. રાજુભાઈ ગજજરે કાનૂની સેવા સત્તા મંડળની પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી. પેનલ એડવોકેટ પરેશભાઈ જોષીએ બાળકના અધિકારો વિશે વિસ્તારની સમજ આપી હતી.

આ શિબિરમાં શાળાના આચાર્ય વી.ડી. પટેલ તથા મુખ્ય મહેમાન પદે એમ.કે. પટેલે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું. આ શિબિરનું સફળ સંચાલન શિક્ષક એ.સી. પટેલે કર્યું હતું. શિબિરમાં શાળાના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે લાભ લીધો હતો.

સેકટર-૩-સી ખાતે આરંભાયેલ શ્રીમદ્ ભાગવતકથામાં શુક્રવારે નંદ મહોત્સવ ઉજવાયો હતો. વ્યાસપીઠ પર પૂજય શ્રી કિર્તીદાસ બાપુ બિરાજમાન છે.

કોંગ્રેસના કર્મઠ યુવા કાર્યકર આશિફ કુરેશીનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ખુબ લાંબા સમયથી એનએસયુઆઈ અને યુવા કોંગ્રેસમાં સતત સક્રિય યોગદાન આપનાર કોંગ્રેસના યુવા કર્મઠ કાર્યકર આશીફ કુરેશીનું લાંબી માંદગી બાદ યુવાન વયે અવસાન થયું છે. આશિફના અવસાનથી શહેર કોંગ્રેસમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. તેમના અવસાન ઉપર કોંગ્રેસના અગ્રણી અહેમદભાઈ પટેલ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, શંકરસિંહ વાઘેલા, નિશિતભાઈ વ્યાસ, સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે શોક વ્યકત કર્યો છે. જયારે અન્ય કોંગ્રેસના અગ્રણીઓએ સદગતના પરિવાર સાથે ટેલીફોન પર વાતચીત કરીને દુઃખ વ્યકત કર્યું હતું. તેમની અંતિમ યાત્રામાં શહેર કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે તેવી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી.

વાણિજય કોલેજ ખાતે એઈડસ અવેરનેસ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા સે-૧૫ સ્થિત વાણિજય કોલેજ ખાતે યુથ સર્વિસીઝ અંતર્ગત 'એઈડસ અવેરનેસ' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વકતા તરીકે જાગૃતિબેન પટેલ

ઉપસ્થિત રહ્યા હતા. જેઓ કૌરા સોશ્યલ સર્વિસ સોસાયટી તથા એચઆઈવી એઈડસ અમદાવાદના પ્રોજેકટ કો. ઓર્ડિનેટર છે. તેઓએ હાજર કોલેજના વિદ્યાર્થીઓને એચઆઈવી/એઈડસ વિશે ખૂબ જ જરુરી માહિતી સવિસ્તાર પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં લાયોનેસ કલબના પ્રમુખ દેવલબેન જોષી સહિત અન્ય મહિલા સભ્યો હાજર રહ્યા હતા જયારે કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય અને અન્ય સ્ટાફનો સાથ સહકાર સાંપડયો હતો.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા વર્ષ ૨૦૧૭ના નવીન વર્ષ નિમિત્તે સેકટર-૧૯ જીમખાના ખાતે સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત બહેનોએ હાઉઝી અને વન મિનિટ ગેઈમ રમીને આનંદ માણ્યો હતો. ત્યારે અત્યારે હાલ ચાલી રહેલા કેશ વ્યવહારને અનુલક્ષીને બહનોને ડીસીબી બેંકના મેનેજર હિરેનભાઈ તથા પ્રશાંતભાઈએ કેશલેસ સિસ્ટમની સમગ્ર માહિતી આપી હતી. સૌ બહેનો કાર્યક્રમમાં હાજર રહી તે બદલ શર્મિષ્ઠાબેન દવેએ આભાર વ્યકત કર્યો હતો.

વાયબ્રન્ટમાં ૪૦૦ એકઝી. મેજીસ્ટ્રેટ હશે

આગામી ૯ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન વાયબ્રન્ટ સમીટ-૨૦૧૭માં ૪૦૦ જેટલા એકઝી. મેજીસ્ટ્રેટ જુદા જુદા સેકટરોમાં ફરજ બજાવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦૦ એકઝી. મેજીસ્ટ્રેટ પાર્કિંગમાં, ૨૦૦ મહાત્મા મંદિર ખાતે તો ૧૦૦ ગ્લોબલ ટ્રેડ શૉ અને ગિફટસીટી ખાતે ફરજ બજાવશે. આ ઉપરાંત રાજયમાંથી ૧૫૦ જેટલા નાયબ કલેકટરો, ૮ કલેકટર અને ૮ જિલ્લા વિકાસ અધિકારીઓને પણ ખાસ ફરજ સોંપવામાં આવી છે. અધિક કલેકટરોને પણ આ વાયબ્રન્ટમાં વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

એમ.બી. પટેલની વિદ્યાર્થીનીઓ રંગોલી તથા ક્વિઝમાં ઝળકી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલની ધો-૬ થી ૮ની વિદ્યાર્થીઓએ ૨૯-૧૨-૨૦૧૬ના રોજ દાંડી કુટીર મહાત્મા મંદિર ખાતે રંગોલી તથા ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં રંગોલી સ્પધામાં ધો-૬ કની મોતીવારસ હેન્સીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિજેતા બહેનને અભિનંદન પાઠવ્યા હતા.

મહિલા કોંગ્રેસ શહેરમાં થાળી વગાડી વેલણ મોરચો કાઢશે

ગાંધીનગર, તા.૬

જિલ્લા કોંગ્રેસના કલેકટર કચેરીના ઘેરાવના સફળ કાર્યક્રમ બાદ વધુ એક આંદોલાત્મક કાર્યક્રમ વાઈબ્રન્ટ દરમિયાન કરવાની જાહેરાત કરી છે. મોદી સરકારની પ્રજા વિરોધી નીતિને ઉજાગર કરવા ૮મી જાન્યુઆરીએ જિલ્લા કોંગ્રેસ દ્વારા મહિલા કોંગ્રેસની આગેવાની હેઠળ શહેરમાં થાળી-વેલણ વગાડી મોરચો કાઢવાની જાહેરાત કરતા પોલીસ મુંઝવણમાં મુકાઈ ગઈ છે કે વાઈબ્રન્ટ બંદોબસ્ત કરવો કે કોંગ્રેસના કાર્યક્રમનો બંદોબસ્ત?

૮મી જાન્યુઆરીના રોજ મહિલા કોંગ્રેસની આગેવાની હેઠળ થાળી-વેલણ વગાડીને મોદી સરકારની પ્રજા વિરોધી નિતી બહાર લાવવા કાર્યક્રમો યોજાશે. ગાંધીનગર જિલ્લા-શહેરના તમામ કોંગી આગેવાનો-કાર્યકરો ઉપરાંત મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, એનએસયુઆઈ, સેવા દળ સહિતના કાર્યકરો સાથે આ કાર્યક્રમ અનુસંધાને ૮ જાન્યુઆરીએ બપોરે બે વાગ્યે સે-૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલયમાં બોલાવી મિટીંગનું આયોજન કર્યું છે. ત્યારે કયાં કયાં થાળી-વેલણ વગાડવા તેની રણનિતી નક્કી કરવામાં આવશે તેમ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભી અને શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે જણાવ્યું છે. થાળી વેલણ વગાડી મોરચો કાઢવાનું સ્થળ સરપ્રાઈઝ રાખવામાં આવશે જેને પગલે પોલીસે પણ વધુ કસરત કરવી પડે તેવી શકયતા છે.

સે-૮ ગોકુલ સોસાયટીની ઉત્સાહી મહિલાઓએ ઉત્તરાયણ પર્વ નિમિત્તે અબોલા પ્રાણીઓ માટે ચોખ્ખા ઘીના લાડુ બનાવ્યા હતા.

@ગાંધીનગર

- શહેરના સે-૩-ડી હરિસિધ્ધી સિધ્ધી પીઠ ખાતેથી માતાજીની ભવ્ય નગરયાત્રા સવારે ૮.૦૦ કલાકે પ્રસ્થાન થશે. તેમજ બપોરે ૨.૦૦ કલાકે માતાજીનો મહાઅભિષેક તથા શ્રી યંત્રોને સિધ્ધ કરવામાં આવશે.
- સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા સંસ્કારોત્સવનું ભવ્ય આયોજન સાંજે ૬.૦૦ કલાકે મેડીકલ કોલેજ ઓડીટોરીયમ સે-૧૨ સિવિલ કેમ્પસ ખાતે યોજાશે.
- શહેરના સે-૩-સી ખાતે શ્રીમદ ભાગવત કથા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

થાઈરોઈડની બિમારીથી ત્રસ્ત મહિલાનો આપઘાત

ગાંધીનગર, તા.૬

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતી ૪૯ વર્ષીય મહિલા પોતાના ઘરેથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ જવાનું કહીને સવારે નીકળી હતી. આ મહિલાએ કરાઈ પાસે આવીને કેનાલમાં મોતની છલાંગ લગાવી આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી મુજબ મહિલાને અઢી વર્ષથી થાઈરોઈડની બિમારીની દવા ચાલતી હતી. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના નરોડા ખાતે આવેલા સુરતના કારખાના વિસ્તારની અંબિકાનગરની ચાલી ખાતે રહેતી ૪૮ વર્ષીય મહિલા શારદાબેન છનાભાઈ વાલજીભાઈ પટણી થાઈરોઈડની બિમારીથી છેલ્લા અઢી વર્ષથી પિડાતી હતી. અઢી વર્ષથી થાઈરોઈડની દવા શારદાબેનને ચાલતી હતી.

સિવિલ હોસ્પિટલ જવાનું કહીને ઘરેથી નિકળેલી નરોડાની મહિલાએ કરાઈ કેનાલમાં છલાંગ લગાવી

દરમિયાન સવારે શારદાબેન ઘરેથી દવા લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ જવાનું કહીને નીકળી અને ત્યારબાદ તેણીનો પત્તો લાગ્યો ન હતો. શારદાબેન હોસ્પિટલ જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ કરાઈ કેનાલ પહોંચી ગયા હતા અને કેનાલમાં ઝંપલાવી શારદાબેને મોતને વ્હાલુ કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું ચોકકસ કારણ જાણવા મહેન્દ્રસિંહે તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં થાઈરોઈડની બિમારીથી કંટાળી આપઘાત કર્યો હોવાનું પોલીસનું અનુમાન છે.

ચિરવિદાય

- સ્વ. કિશોરભાઈ કાનજીભાઈ ધૂવા, ઉ.વ.૬૬
- સ્વ. રામભજન બચુભાઈ યાદવ, ઉ.વ.૭૫
- સ્વ. શાંતાબેન વાલભાઈ ભાવસાર, ઉ.વ.૧૦૫